# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


---

Ref No. PN 2024-25/094 Dt. 26/09/2024

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગુજરાતમાં LT કનેકશનના વીજભારની મર્યાદા ૧૦૦ કિલોવોટથી વધારીને ૧૫૦ કિલોવોટ કરાઇ, GERC દ્વારા અપાઇ પરવાનગી

### ઉદ્યોગકારોને ઘણી રાહત થઇ છે, ૧૦૫ કિલોવોટ માટે પણ નવા ટ્રાન્સફોર્મર માટે જે ખર્ચ કરવો પડતો હતો જે હવે બચી જશે, આ ઉપરાંત વરાછા, કતારગામ ઉપરાંત લસકાણા વિસ્તારમાં જ્યાં જગ્યાનો અભાવ છે ત્યાં એકમોને મળતી વીજળીની કવોલિટીમાં સુધારો આવશે એવો મને વિશ્વાસ છે : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

**સુરતઃ** ગુજરાત ઇલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે, જેમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યમાં LT કનેકશનની વીજભારની મર્યાદા ૧૦૦ કિલોવોટથી વધારીને ૧૫૦ કિલોવોટ કરવામાં આવી છે. આ બાબતમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૨૨થી સતત રજૂઆતો કરવામાં આવતી હતી. ત્યારબાદ આ અંગે ઇલેક્ટ્રીસિટી સપ્લાય કોડ રિવ્યુ પેનલની પહેલી મિટીંગ ૨૧ માર્ચ ૨૦૨૩ના રોજ ગાંધીનગર ખાતે મળી હતી.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ઇલેક્ટ્રીસિટી સપ્લાય કોડ રિવ્યુ પેનલના સભ્ય હોઇ ઉપરોક્ત બાબતે રજૂઆત કરવામાં આવી હતી અને આ મુદ્દો પેનલ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૬ જુલાઇ ૨૦૨૪ના રોજ ઇલેક્ટ્રીસિટી સપ્લાય કોડ રિવ્યુ પેનલની ગાંધીનગર ખાતે ફરીથી મિટીંગ મળી હતી,

જેમાં આ પેનલ દ્વારા કેન્દ્ર સરકારની ગાઇડ લાઇનને આધારે ગુજરાત રાજ્યમાં LT કનેકશનની વીજભારની મર્યાદા ૧૦૦ કિલોવોટથી વધારીને ૧૫૦ કિલોવોટ કરવા ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હતો. આ મિટીંગમાં પણ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રતિનિધિ હાજર હતા.

ઉપરોકત મિટીંગમાં નકકી કરવામાં આવ્યું હતું કે, ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા આ બાબતે ડ્રાફટ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. જેથી કરીને આ ડ્રાફટ નોટિફિકેશન તા. ૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ગુજરાત ઇલેકટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા ફાઇનલ નોટિફિકેશન બહાર પાડી LT કનેકશનના વીજભારની મર્યાદા ૧૦૦ કિલોવોટથી વધારીને ૧૫૦ કિલોવોટ કરવાની પરવાનગી આપી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, સુરતમાં ઘણા એકમો છે કે જેઓને HT કનેકશનમાં નહિ જવું પડે તેના માટે તેઓ નવી કંપની બનાવતા હતા ત્યારે આ નોટિફિકેશનથી ઉદ્યોગકારોને ઘણી રાહત થઇ છે. કારણ કે, ૧૦૫ કિલોવોટ માટે પણ ઉદ્યોગકારોને નવા ટ્રાન્સફોર્મર માટે ખર્ચ કરવો પડતો હતો જે હવે બચી જશે. સુરતમાં ખાસ કરીને વરાછા અને કતારગામ ઉપરાંત લસકાણા વિસ્તારમાં જ્યાં જગ્યાનો અભાવ છે ત્યાં આ નોટિફિકેશનથી ઘણા એકમોને મળતી વીજળીની કવોલિટીમાં સુધારો આવશે એવો મને વિશ્વાસ છે.